ૐ શ્રી ગણેશાય નમઃ ૐ શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમઃ

# શ્રી વડનગરા નાગર મંડળ – મુંબઇ

રજિ. નં: એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટ રોડ (પુર્વ), મુંબઇ-૪૦૦ ૦૦૭

Website : www.shrivadnagaranagar.org

SVNM

# નાગર મંજૂષા

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ)

ફેબ્રુઆરી ૨૦૧૪




FOR PRIVATE CIRCULATION ONLY


Correspondence address: C/o Shri R. N. Rana, A-2/1, Manav Kalyan CHS Ltd., Bangur Nagur, Goregaon (West), Mumbai 400 104

e-mail : editor@shrivadnagaranagar.org


## શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈની કાર્યવાહક સમિતિ



ટ્રસ્ટી : સિધ્ધાર્થ મહેતા



ટ્રસ્ટી : અક્ષય મહેતા



ટ્રસ્ટી : કમલેશ વ્હોરા


ટ્રસ્ટી : ભાર્ગવ વત્સરાજ


રવીન્દ્ર રાણા
પ્રમુખ


નૈષધ વચ્છરાજાની
ઉપ પ્રમુખ


નેહા યાજ્ઞિક-માનદ મંત્રી


વિભૂષીત દવે-સહમંત્રી


શોભના અંતાણી-ઉપમંત્રી



રાજશ્રી ત્રિવેદી-સભ્ય


નિરવ બુચ-સભ્ય


સંદીપ યાજ્ઞિક
કોષાધ્યક્ષ


પાર્થિવ ત્રિવેદી-સભ્ય


આશિષ વસાવડા -સભ્ય


અંકુર પંડ્યા -સભ્ય


કિશોર બુચ-સભ્ય
નિવાસ અધિકારી


નવીન માન્કર
કાયમી આમંત્રીત


જ્વલંત બુચ
કાયમી આમંત્રીત


### નાગર મંજૂષા ટીમ

રવીન્દ્ર રાણા
- પ્રમુખ તંત્રી

રાજશ્રી ત્રિવેદી
- માનદ તંત્રી

નેહા યાજ્ઞિક
- સહતંત્રી


દીના વચ્છરાજાની
- સહતંત્રી


સુહાની દીક્ષિત
- સહતંત્રી

# પ્રતિસાદ

'નાગર મંજૂષા' મારા માટે આપણા જ્ઞાતિજનો સાથેનો એક સંવાદ-સેતુ છે, એવો અભિપ્રાય મેં ગયા અંકમાં પ્રગટ કર્યો હતો. પરંતુ કમનસીખે મારા એ અભિપ્રાય સામે ઉગ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરવામાં આવી હતી.

કેટલાકે તો ઈન્ટરનેટ ઉપર ઈ-પત્રોના વરસાદ વરસાવ્યો અને તેનાથી આકર્ષાઈને ઘણી વ્યક્તિઓએ પત્ર ઉપર સહીઓ કરીને જ્ઞાતિજનોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ પણ કર્યો હતો, જે મને તેમજ મારા કાર્યકરોને હતાશ-હતોત્સાહ કરવાની કોશીશ હતી.

જોકે સદ્‌ભાગ્યે ૧૦૪મી વાર્ષિક સામાન્ય સભામાં સભ્યોએ ખૂબ જ પ્રેરક-પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો તેની જાણ કદાચ આપ સૌને થઈ જ હશે.

ખેર, દરેક વ્યક્તિને પોતાની મનગમતી અભિવ્યક્તિ રજૂ કરવાનો અધિકાર છે તેનો સ્વીકાર કરવો જ રહ્યો.

પરંતુ અમારો દઢ નિર્ધાર છે કે શ્રી મંડળને માનવસેવામાં ઉત્તુંગ શિખરો સર કરાવવાનું ધ્યેય હંમેશાં નજર સામે રાખીને જોશભેર કાર્ય કરતા રહીશું. શ્રી મંડળનું પોતાનું ભવન હોવાના અનેક લાભો છે જ.

આવી ભાવનાનો બિરદાવતું મહાત્મા ગાંધીજીનું એક પ્રિય ગીત ટાંકવાનું મન થાય છે કે -

ઝાંખા જગતમાં એકલો પ્રકાશજે
આવે અંધાર તેને એકલો વિદારજે
ઓ માનવી....
છોને આ આયખું હણાયે
ન લેજે વિસામો તું ક્યાંયે
તું દેજે વિસામો તારી
હૈયા વરખડીને છાંયે
ઓ માનવી...

આવો, આપણે સૌ સાથે હળીમળીને વડનગરા જ્ઞાતિનું એક વધુ ઉત્તમ કાર્ય 'ભવન' નું નિર્માણ કરીએ.

આપના પ્રેરક પ્રતિભાવની પ્રતીક્ષા કરતા

રવિન્દ્ર રાણા
ના જય હાટકેશ.

તા. ૧૫ નવેમ્બર, ૨૦૧૩

# અનુક્રમ


૧. ''રાગોત્સવ'' ........ ૧

૨. શિક્ષકની નોંધપોથી ........ ૨

૩. વિદ્યાર્થીની પાછળ ઝાંખો.... ........ ૩

૪. ''પંડયાશેઠ કહેતા હતા કે...'' ........ ૫

૫. સોનાને કાટ ન લાગે ........ ૭

૬. શ્રીમતી એટલે... ........ ૯

૭. વિચારોને વહેવા દો.... એક વિચાર.... એક વિશ્વ અનેરું... ........ ૧૦

૮. ''સિદ્ધાંતનો પેંડો'' ........ ૧૦

૯. કયાંક ભૂલો પડ્યો છું ........ ૧૨

૧૦. દ્વાર પણ નથી ........ ૧૨

૧૧. સ્વપ્ન ........ ૧૨

૧૨. વિપાશા : એક અનોખી જીંદગી ........ ૧૪

૧૩. લોકશાહી અને ટૂંકી દ્રષ્ટિવાળા નેતાઓની 'ચશ્મે–શાહી' ........ ૧૫

## ''રાગોત્સવ''

જે સ્વયં શ્રી કૃષ્ણની બંસરી બન્યા છે, કૃષ્ણનો શ્વાસ બન્યા છે, સંગીત બન્યા છે, કૃષ્ણના આત્મીય બન્યા છે તે પરમ વૈષ્ણવ ભક્તકવિ નરસિંહ મહેતા જેનું માત્ર નામ સાંભળતાં જ વૈષ્ણવજનના નાદનું સંગીત મનમાં રૂમઝુમવા માંડે. આવા પૂજનીય સંતને યાદ કરી, પ્રણામ કરી એક પ્રયાસ છે, આ લેખ લખવાનો.

ગુજરાતની પરંપરાગત મુખ્ય કલા એટલે ગરબા-રાસ. આ લેખ દ્વારા આપણા MEMBERS કે જેઓ 'કાનસેન' છે, તેમને તથા અન્યને ગરબાની શાસ્ત્રીય ઓળખ આપવાનો હેતુ છે.

શ્રાવણ મહિનો ચાલે છે, મહાદેવ ના પ્રિય રાગ 'માલકૌંસ' થી આરંભ કરીએ. સ્વ. મોહમ્મદ રફીસાહેબ દ્વારા ગવાયેલ, ફિલ્મ 'બૈજુ બાવરા' નું ખૂબજ ચાહના પ્રાપ્ત થયેલ ભજન 'મન તડપત હરિ દર્શન કો આજ', રાગ માલકૌંસ પર આધારિત છે. નવરંગ ફિલ્મનું 'આધા હે ચંદ્રમા રાત આધી' ગીત પણ રાગ માલકૌંસ પર આધારિત છે. મનોજ ખંડેરીયા સાહેબની ગઝલ 'હાથમાં કારોબાર રાખ્યો છે, ને મને બારોબાર રાખ્યો છે, એક ડગ છૂટથી ના ભરી શકું, ખીણની ધારોધાર રાખ્યો છે'. અને ખૂબજ પ્રચલિત ગરબો 'મને અંબાના ગુણ ગાવા દે', 'શું બેઠી પગ ઉપર પગ ચઢાવી, બોલતી નથી - ચાલતી નથી શું રીસાણી મા કેમ રિસાણી ? આજ રાગ પર આધારિત છે.

મા જ્યારે આંગળી પકડે ત્યારે વિચારવાનું ના હોય, ચાલ્યા કરવાનું. કારણ શ્રી જવાહર બક્ષી કહે છે.

''દસે દિશાઓ સ્વયં આસપાસ ચાલે છે,
શરૂ થયો નથી તો પણ પ્રવાસ ચાલે છે.''

માજગદંબા માટે કહેવાયઃ

''અયઅંધેરેદેખ,મુંહતેરાકાલાહોગયા
'મા'નેઆંખેખોલદી,ઘરમેંઉજાલાહોગયા.''

ઉજાલાની વાત ચાવે, ત્યારે રાગ 'તોડી' નો ઉલ્લેખ કરવોજ રહયો.

''હર નયી કિરણ કે સાથ મંગલ સંદેશ આયો
જાગો હે પ્રભાત આયો.''

ઉપરોક્ત ગીત રાગ 'તોડી' પર આધારીત ફિલ્મ 'સંત જ્ઞાનેશ્વર' હિન્દી ફિલ્મોમાં 'તોડી' રાગ ઉપર ફિલ્મ 'આશીર્વાદ' નું હૃદયસ્પર્શી ગીત

''એક થા બચપન એકથા બચપન
છોટા સા નન્હાસા બચપન
એક થા બચપન''

લાજવાબ ગીત પણ અફસોસ કે જેટલી લોકપ્રિયતા મળવી જોઈએ તેટલી ન મળી. આદરણીય રાજુલ મહેતા દ્વારા કંઠ પામેલ અજરાઅમર કૃતિ.

'રક્ષા કરો જગદંબા ભવાની,
નિશે દિન રટું હં તો અંબા, અંબા...'

રાગ 'તોડી' પર આધારિત છે, અને કોઈ શક નથી કે આટલી સુંદર સ્તુતિ, નિર્મળ હૃદયથી જો કરીએ, તો મા જગદંબા અવશ્ય રક્ષા કરે છે.

રાસ-ગરબા અને શૃંગારની જુગલબંદી માણવા જેવી. શૃંગાર રસ રાગ 'સારંગ' સાથે ગાઢ મૈત્રી ધરાવે છે. સુંદર, મનને, પ્રફુલ્લિત કરી દેતુ યુગલ ગીત ''સાવન આયે, જીયા જબ ઝૂમે

સાવન હે'', અને અમર ''અલ્લાહ તેરો નામ, ઈશ્વર તેરો નામ'' બન્ને ગીતો રાગ 'સારંગ' પર આધારિત છે.(૨) વા વાયાને વાદળ ઉમટયાં 'સારંગ' રાગ પર આધારિત ગરબો છે. (૩) મા ગબ્બરવાળી તારા દર્શનની મને ધૂન લાગી'' 'સારંગ' - ''સો રંગ' તરફ નિર્દેશ કરે છે એને ગરબા રાસ જ્યારે સારંગ માં ગવાતા હોય, ત્યારે પરમ ભક્ત નરસિંહ મહેતાને યાદ કરવાજ રહયા. શરૂઆત જો મહેતાજી થી કરીએ તો વિરામ મહેતાજીથી જ યોગ્ય કહેવાય. પુરૂષોત્તમ ઉપાધ્યાય દ્વારા અપાર ચાહના મેળવેલ

''મેહુલો ગાજે ને માધવ નાચે
રૂમઝુમ બાજે પાય ઘૂઘરડી,
તાલુ પખાજ જોડે રે ગોપી,
વ્હાલો વગાડે વેણુ વાંસલડી''

પરમપૂજ્ય નરસિંહ મહેતાજીના ખાસ ભક્ત શ્રી જવાહર બક્ષી કહે છે કે, 'ભજનની સાત ગઝલો પણ કેમ ના ગાઉં ગાફિઅહીં ખેંચે છે મીરાબાઈ તો અહીં મિરા '

અંતમા, સંગીત કલા માત્ર મસ્તકમાંથી નહીં. હ્રદયમાંથી ઉદ્‌ભવવી જોઈએ.

- શ્રી ભદ્રાયુ વૈષ્ણવ

## શિક્ષકની નોંધપોથી

શિક્ષણ ક્ષેત્રે અત્યંત મહત્વનાં સોપાનો સર કરનાર ન્યુ ઈરા શાળા (ન્યાયમૂર્તિ પાટકર માર્ગ, કેમ્પ્સ્ કૉર્નર) માં ૧૫, ઓગસ્ટ ૧૯૫૦ માં જોડાયો....૧૯૫૦ થી ૧૯૮૪ સુધીની આ શાળામાંથી શરૂ કરેલ શિક્ષણયાત્રા દરમિયાન શિક્ષણના વિધવિધ પાસાંમાં નિતનવા પ્રયોગો કરવાની તક મળી. શાળાના સ્થાપક સ્વ.પૂ. મગનભાઈ વ્યાસ અને ડૉ. કાંતિભાઈ વ્યાસની રાહબરી હેઠળ કાર્યનિષ્ઠ શિક્ષકોને નવા પ્રયોગો કરવાનું પ્રોત્સાહન મળતાં મારી કારકિર્દીને નવો ઓપ મળ્યો. એક સારા અને નિષ્ઠાવાન શિક્ષક તરીકે મને કંડારવામાં આ બે મહાનુભાવોનું યોગદાન્ અવિસ્મરણીય રહેશે.

બે દાયકાથી વધુ સમયના ગાળા દરમિયાન આ શાળાના સહકારથી કેટલાક રસપ્રદ પ્રયોગો મારા સહકર્મચારીઓ સાથે કર્યા તેની વિગત આ કટાર હેઠળ આપવા પ્રેરાયો છું.

## વિદ્યાર્થીની પાછળ ઝાંખો....

ન્યુ ઈરા શાળાની એક એવી પ્રણાલિ હતી કે ચાર મહિનાના છેલ્લા શનિવારે વિદ્યાર્થીઓ માટે શાળામાં રજા હોય અને તે દિવસે સવારના ૧૦ થી સાંજના પાંચ વાગ્યા સુધી શાળાના પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક શાળાના તમામ શિક્ષકો શાળાના એસેમ્બ્લી હૉલમાં ભેગા થાય અને મહિના દરમિયાન થયેલ વ્યક્તિગત અને સામૂહિક શૈક્ષણિક અને સંદર્ભિત સહપ્રવૃત્તિઓ અને ઈતર પ્રવૃત્તિઓ (Co-curricular and extra-curricular activities) ની સમીક્ષા કરે. સમીક્ષા દરમિયાન થયેલ વિચાર વિનિમયમાં તમામ શિક્ષક પોતાનાં સૂચનો અને મંતવ્યો નિઃસંકોચ સ્પષ્ટતા અને નિખાલસતાથી રજૂ કરી શકે.

આવી એક સમીક્ષા દરમિયાન પ્રાથમિક વિભાગની એક શિક્ષિકાએ જણાવ્યું,

'નંદિની ત્રીજા વર્ગ સુધી નિયમિત અને ઉત્કૃષ્ટ ગુણ મેળવનાર હોશિયાર વિદ્યાર્થીની હતી. વર્ગ ૪ માં આવ્યા પછી પહેલા ત્રણ મહિનામાં અભ્યાસ તરફ બેદરકાર રહે છે અવારનવાર શાળામાં ગેરહાજર રહે છે.'' નંદિની ખૂબજ પ્રતિભાશાળી વિદ્યાર્થીની હોવાથી અન્ય શિક્ષકોએ આ માહિતીથી આઘાત અનુભવ્યો. હવે આ નંદિનીનું શું કરવું ? શાળામાં વધુ સમય બેસાડી વધુ અભ્યાસ કરાવવા, માતાપિતાને બોલાવી ચેતવણી આપવી વગેરે ચીલાચાલુ સૂચનો આપવામાં આવ્યાં.

શાળામાં ત્રણ શિક્ષકોની Sectional Head તરીકે નિમણૂંક કરવામાં આવતી. બધા શિક્ષકોએ પોતાનાં મંતવ્યો આપ્યા બાદ Sectional Head ને પોતાના વિચારો રજૂ કરવા કહેવામાં આવતું. હું પણ ત્રણમાંનો એક હોવાથી નંદિનીના પ્રશ્ન બાબત પૂછવામાં આવ્યું. મારા ઘડવૈયા સ્વ.પૂ. દોલતભાઈ દેસાઈએ પ્રશ્નો હલ કરવા એક વિચારાત્મક અભિગમ અપનાવવા કહ્યું. નંદિની અભ્યાસમાં બેદરકાર બની છે, શાળામાં અવારનવાર ગેરહાજર રહે છે - આ બધાએ નોઘ્યું, પરંતુ શા માટે આમ થયું તે વિચારવા માટે આપણે ઉપચાર કરવાનું ત્યારે જ શરૂં કરશું કે જ્યારે તે રોગ થવાનાં મૂળ કારણો શોધવા આવશ્યક એવી ચકાસણી કરશું , તે પોતે પેથોલોજી ઓફ ડિસીઝ જાણવા કોશિશ કરશે. રોગનું મૂળ કારણ જાણવાની બાદ જ તે ઉપચાર કરશે એ તે ઉપચાર અકસીર હશે એ નિર્વિવાદ.

આપણે તો આવી ચકાસણી કર્યા વિના જ નંદિની માટે ઉપચાર કરવા શરૂ કર્યા. શાળાના પ્રણેતા શ્રી મગનભાઈ વ્યાસે તરત જ કહ્યું, ''ભાઈ, તમે સૂચન તો કર્યું, પણ તમે અને દોલતભાઈ નંદિનીનો કેસ'' હાથમાં લ્યો તો જ શિક્ષકોનો તમે કરેલ સૂચનો પર વિશ્વાસ બેસશે. આ પડકાર ઝીલીને આ બાબત અમારે જે પગલાં લેવાં હતાં તે સર્વ માટે શાળાએ પૂરોપૂરો સહકાર આપ્યો.

પહેલાં તો નંદિનીનાં માતાપિતાને મળવાનું નક્કી કર્યું, તેઓને શાળામાં બોલાવવા કરતાં તેઓને ઘેર અગાઉથી જાણ કરી જવાનું નક્કી કર્યું કે જેથી નંદિની શાળામાં હોય ત્યારે તેની ગેરહાજરીમાં માતાપિતા સાથે સ્પષ્ટતા અને નિખાલસતાથી વિચારોની આપ-લે કરી શકીએ. તેઓના ઘરના વાતાવરણનો અભ્યાસ પણ કરી શકાય. માતાપિતા અત્યંત શિક્ષિત હતાં અને વ્યવસાયી હતાં. તેથી બાળકના હિત માટે વિચારવિનિમય કરવા ઉત્સુક હતાં. વાતવાતમાં એમ જણાયું કે તેઓનું લગ્નજીવન એટલું બધું તનાવયુક્ત બન્યું હતું કે તેઓએ છૂટાછેડા લેવાનો નિર્ણય પણ કરીલીધો હતો. આથી કેટલીકવાર બાળક નંદિનીની હાજરીમાં બન્ને વચ્ચે ઉગ્ર વાદવિવાદ થતો. વધુ ઊંડો વિચાર

કરતાં જણાયું કે જ્યારે જ્યારે બાળકની હાજરીમાં આવો વિવાદ થતો ત્યારે નંદિની શાળાએ તો આવતી; પરંતુ શાળામાં અધવચ્ચે શ્વાસની તકલીફ થતાં ઘેર પાછી મોકલવી પડતી. ત્યારબાદ બે-ત્રણ દિવસ શાળામાં ગેરહાજર રહેતી. આ ઉપરથી એવું તારણ થાય કે માતાપિતા વચ્ચે થતો ઉગ્ર વાદવિવાદ નંદિનીના દમ વ્યાધિનું કારણ છે. પરંતુ અમારી આ ધારણા સાચી છે નહીં તે બાબત અમને ખાતરી નહોતી.

આથી શાળાના સંચાલકોની સંમતિથી અમે તે સમયના જાણીતા મનોચિકિત્સક (Psychiatrist) ડૉ. મારફતિયાને મળ્યા. તેઓને નંદિની વિષે અને અમે બાંધેલ ધારણાની વિગત આપી. આ નિષ્ણાત ડૉક્ટરે કહ્યું "You are on the right track. She is a classic case of psycho-somatic asthama(સાઈકો સોમેટિક અસ્થમા)." તેઓની સલાહથી અમને માર્ગદર્શન મળતાં જ અમે નંદિનીનાં માતાપિતાને ડૉક્ટરે કરેલ આ નિદાનથી વાકેફ કર્યાં અને નમ્રભાવે વિનંતિ કરી ''તમે તમારા બાળકનું હિત ઈચ્છતાં જ હશો. છૂટાછેડા તમારી અંગત બાબત છે. અમારે તમને એક વિનંતી કરવાની છે કે તમારા મતમતાંતરની ઉગ્ર ચર્ચા બાળકની હાજરીમાં ન કરો તો નંદિનીની ગાડી પાટે ચડી જશે.'' મા-બાપ સમજુ હતાં અને તેઓએ અમે આપેલ સૂચનાનું અક્ષરશઃ પાલન કર્યું. બે મહિનામાં નંદિનીનો વ્યાધિ દૂર થયો અને પાછી પહેલાં જેવી હસતી કૂદતી અભ્યાસમાં રસ લેતી તે થઈ ગઈ. બીજા સત્રને અંતે તેનું પરિણામ આપ્યું. શરૂઆતની તેની માંદગીને પરિણામે સરેરાશમાં ઘણા સારા ગુણો ન મળ્યા, પરંતુ આરામથી કોઈપણ તનાવ વગર સફળ થઈ.

પરિણામ લેવા માતાપિતા રૂબરૂ આવ્યાં. આ સમયે શાળાના આચાર્યે તેઓની વિનંતીને માન આપી પરિણામપત્ર આપતી વખતે અમને હાજર રહેવા કહ્યું. તેઓ પરિણામ જોઈ અત્યંત ભાવુક બની ગયાં અને તેઓએ લાગણી જે વ્યક્ત કરી તે તેઓના જ શબ્દમાં અહીં ટાકું છું.

''દૌલતભાઈ અને બુચસરે એમ વાતચીતમાં કહેલું કે કોઈપણ વસ્તુ કે વિષય માટે શા માટે ક્લેશ થાય છે તેનું કારણ આપણે વિચાર કરીએ તો જડતું નથી. આ વિચાર મારા મનમાં ઘોળાયા કર્યો અને મેં એક સાંજે અત્યંત શાંત અને સ્વસ્થ મને પત્નીને પૂછયું'' Darling, let us think and find out the reasons for our dislike for each other.... ને અમને કોઈપણ કારણ ન મળતાં અમે હસી પડયાં અમારી મૂર્ખાઈ પર.

....વર્ષો પછી નંદિનીના લગ્નમાં અમે તેનાં માતાપિતાને મળ્યા ત્યારે તેઓએ કહ્યું "We are now very happily married couple."

આ રીતે સહેજ સજાગ રહી વિદ્યાર્થી અને તેના પ્રશ્નો પાછળ ઝાંખીએ તો શિક્ષક અનાયાસે અનેક વ્યક્તિઓના આનંદમય જીવન માટે કારણભૂત બની શકે તેનું આ સચોટ દૃષ્ટાંત છે.

અસ્તુ.

વિદ્યાર્થીનીનું મૂળ નામ વ્યક્તિની ઓળખની ગુપ્તતા માટે બદલ્યું છે.

– દિનેશ પ્રાણલાલ બુચ

Flat No. 201, Block - 5,
PRAIRIE, Vasant Lawn,
Pokhran Rd. No. 2,
Thane (West),
Pin Code : 400 061.

## ''પંડયાશેઠ કહેતા હતા કે...''

''નાગર મંજૂષા ના આગામી અંકમાં દાદાને યાદ કરવા છે કંઈક લખી આપને !'' બહેન નેહાનો આગ્રહભર્યો ફોન આવ્યો ને કાગળ-પેન લઈ લખવા બેઠી ને નજર સમક્ષ થયો આ પ્રસંગ. લાંબા સમય બાદ મળેલા એક મિત્રે પંડ્યાશેઠને પૂછયું, ''કેમ પંડ્યા! ક્યારેક અમને યાદ કરો છો ખરા ? પ્રશ્નના જવાબમાં પંડ્યાશેઠે સ્પષ્ટ નન્નો ભણ્યો (પ્રશ્નનો જવાબ 'ના' માં આપ્યો) જવાબ સાંભળી મિત્ર કંઈક વિમાસણમાં પડી ગયા. પંડ્યાશેઠે હસીને કહ્યું, 'અરે ભાઈ ! યાદ તો તેને કરવાના હોય જેને ભૂલી ગયા હોઈએ. હું તમને ભૂલ્યો જ નથી. પછી યાદ કરવાનો પ્રશ્ન જ કયાં છે ?' નેહા દાદાને યાદ કરી કંઈક લખી આપવા કહે છે પણ હું પંડયાશેઠને ભૂલી છું ખરી ???

ટૂંકમાં પરિચય આપું તો, પંડયાશેઠ દુલેરાય આણંદરાય પંડયા મારા દાદા. સાક્ષરો, મુત્સદ્દીઓ અને અધિકારીઓની જ્ઞાતિમાં જન્મ્યા પણ તેમના સાહસિક જીવને માત્ર પુસ્તકોમાં રૂંધાઈ રહેવું ન રૂચ્યું. વ્યાપાર કરવાની વૃત્તિથી એક સાહસવીર તરીકે વ્યાપારમાં ઝંપલાવ્યું. પહેલાં મેંગેનીઝ ક્લોરાઈડ ને ત્યારબાદ મીઠાનો વ્યાપાર કર્યો. ભારતીય ગ્રામોફોન કંપની સ્થાપવાના વિચારે તાલીમ લેવા જાપાન ગયા. રેકર્ડ મેન્યુફેકચરિંગની કલા-કારીગરી સાધ્ય કરી મુંબઈમાં 'નેશનલ ગ્રામોફોન રેકર્ડ મેન્યુફેક્ચરિંગ કંપની યંગ ઈન્ડિયા રેકર્ડઝ' ની સ્થાપના કરી. તબિયતે સાથ ન આપતાં મુંબઈ છોડી અમદાવાદ સ્થાયી થયા. સમસ્ત નાગર પરિષદ, સમસ્ત નાગર મંડળ, સમસ્ત નાગર સંપર્ક સાધક મંડળ, અખિલ ભારતીય નાગર પત્રપરિષદ, વડનગરા નાગર સહકારી સોસાયટી. જેવી અનેક જ્ઞાતિસંસ્થાઓમાં કાર્યરત રહી શેષ જીવન જ્ઞાતિસેવામાં વ્યતીત કર્યું.

'જનરેશન ગેપ' ની સમસ્યા આજે બાપ-દીકરા બેઉને સરખી જ સતાવે છે. સાંપ્રત સમયમાં બાપ-દીકરા વચ્ચે સંવાદ ઓછો થતો જાય છે અને વાદ-વિવાદ, વિખવાદ, વિસંવાદ વધતો જાય છે ત્યારે અમારા કુટુંબમાં પંડ્યાશેઠની ચોથી પેઢી-જેણે ક્યારેય પંડ્યાશેઠને જોયા નથી તે-પણ વડીલોના મોંએ ''પંડ્યાશેઠ કહેતા હતા કે''.... સાંભળી તેમની વિચારધારા અને તેમનાં મૂલ્યોમાંથી પ્રેરણા મેળવતી રહે છે....

વેકેશન માણવા અમદાવાદ ગયેલી કવિતા નાના-નાની સાથે નવા જ શરૂ થયેલા સ્ટાર બાઝાર માં પહોંચી. નાની કવિતાને તો જાણે મનગમતી વસ્તુઓનો ખજાનો હાથ લાગી ગયો, ટ્રોલી લઈ ફરતી જાય અને નાના પ્રિંગલ્સ લઉં ? કિટ-કેટ લઉં? નાના Bourbon લઉં? પૂછતી જાય. નાના તરફથી જે લેવું હોય તે લેવાની સંપૂર્ણ છૂટ મળી જતાં એક-પછી-એક વસ્તુઓ ટ્રોલીમાં સરકાવતી જાય. કવિતાએ ટ્રોલીમાં ભેગું કરેલું બધું લઈ ઘેર પહોંચ્યા પછી પંડ્યાએ કવિતાને એટલું જ કહ્યું કવિતા, ''પંડ્યાશેઠ કહેતા હતા કે - ખરીદી કરવા જઇએ ત્યારે ઘરમાં જોઈએ તે લવાય, બજારમાં જોઈએ તે ન લવાય''. કવિતાને તેની ભૂલ સમજાઈ ગઈ.

આજે સુપર માર્કેટની લોભામણી ઑફર્સથી આકર્ષાઈ, થોડીઘણી બચત કરવાના ઈરાદે ત્યાં પહોંચી જઈ ઘર-જોઈતી (જરૂરી)

એક વસ્તુની સાથોસાથ દસ મન-જોઈતી (હકીકતે વણજોઈતી-બિનજરૂરી) વસ્તુઓ ખરીદી બચત કરવાને બદલે નાહક ખર્ચો વહોરી લેતાં આપણે સૌ આપણી ભૂલ ક્યારે સમજીશું ?

S.S.C. માં ખૂબ સારા માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયા બાદ Science, Commerce કે Arts કયા પ્રવાહમાં આગળ વધવું તે અંગે મૂંઝાતી કવિતાની મૂંઝવણ ઘડીકમાં હલ કરી દેતાં પપ્પાએ કહ્યું હતું - ''પંડ્યાશેઠ કહેતા હતા કે ભલે તું રોડાં ઉપાડનારો થજે. પણ, રોડાં એવાં ઉપાડજે કે ગામમાં ક્યાંય પણ રોડાં ઉપાડવાનાં હોય તો બધા તને જ બોલાવે,'' પસંદગીના ક્ષેત્રમાં પારંગતતા પ્રાપ્ત કરી ટોચ પર પહોંચવાની વાત કેટલી સરળતાથી કહી દીધી !!!

વર્ષે એક જ વાર વેકેશનમાં અમદાવાદ જવાનું થાય. ટૂંકા સમયમાં સૌ કુટુંબીજનો, સગાંવહાલાં, મિત્રો.... કંઈકેટલાયને ઘેર જવાનું-મળવાનું થાય. આ બધાંથી કવિતા ક્યારેક કંટાળે ત્યારે પપ્પા પંડ્યાશેઠના શબ્દો ટાંકી સમજાવે 'મળવું' ગુજરાતી શબ્દ માટે અંગ્રેજીમાં બે શબ્દઃ મળવું is to meet અને મળવું is to get. When you meet, you get અન્યોન્યને મળવાથી મળે છે એકમેકનો સ્નેહ, સદ્ભાવ અને નિર્ભેળ આનંદ.

આજે Face-to-face મળવાનું ટાળી, ક્યારેક E-mail થી, તો વળી ક્યારેક માત્ર Face book, What'sapp પર ઔપચારિક મળી. "Hi! Hello!" કરી લેતાં, પોતપોતાનામાં મસ્ત અને વ્યસ્ત રહેતાં આપણે સૌ પ્રસંગોપાત્ ઉત્સાહથી, સ્નેહથી એકમેકને મળતાં રહીશું તો પ્રત્યેક પ્રસંગ પર્વ બનશે, પ્રત્યેક પર્વ અવસર અને પ્રત્યેક મિલન પરિવારનું સ્નેહમિલન.

વિવિધ જ્ઞાતિસંસ્થાઓના મંચ પરથી મુ. પંડયાશેઠે તે સમયે કરેલી-કહેલી વાતો આજે પણ એટલી જ પ્રસ્તુત જણાય છે. તેમાંની થોડી વાતો અહીં રજૂ કરું તો અસ્થાને નહીં જ ગણાય. જ્ઞાતિના કાર્યકરોની એક સભાને સંબોધીત કરવા બે શબ્દ બોલવાનું પંડ્યાશેઠને કહેવામાં આવ્યું ત્યારે પંડયાશેઠે માત્ર એટલું જ કહ્યું - ''કાર્ય કરો કાર્ય કરો''.

અહીં ઊંડો અર્થગર્ભ છે. કાર્ય એટલે માત્ર કામ નહિ, પણ કરવા જેવું, કરવાલાયક, અકાર્યથી વિપરીત. એવું કામ આમ તો કાર્યકરો કામ કરતા જ હોય છે, પણ તે બધાં કામ કાર્ય નથી હોતા.

જ્ઞાતિની સંસ્થાના કાર્યકરોને પંડયાશેઠ કાયમ કહેતા - ''જ્ઞાતિના સેવાભાવી કાર્યકરોની નામાવલિમાં આપણા નામનું સ્વાગત થાય તે માટે સ્વગત આપણે એટલો જ પ્રશ્ન પૂછવો કે તમે અથવા મેં ગત વર્ષમાં કોઈ જાતનો નિઃસ્વાર્થ સેવાનો ફાળો આપ્યો છે ખરો ? જનસમાજના વિસ્તૃત વર્તુળમાં નહીં તો જ્ઞાતિના નાનકડા વર્તુળમાં પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ, અભણને જ્ઞાન, ભૂખ્યાને દાન, ભાન ભૂલ્યાને સાન, બેકાર કે બીમારને સ્થાન, અનાથ-અપંગની અરજને કાન, મોટાને માન, અને સેવાભાવી વિદ્વાનને સન્માન આપવા કે અપાવવામાં યથાશક્તિ સહાય આપી છે ખરી?'

સમસ્ત નાગર પરિષદના ચોથા અધિવેશનના પ્રમુખ તરીકેના વક્તવ્યનું સમાપન કરતાં પંડ્યાશેઠે કહ્યું હતું - ''અંતે નમ્ર સેવાભાવે એક જ પ્રાર્થના કરી મારું વકતવ્ય

સમાપ્ત કરીશ કે ભાઈઓ, એકબીજા પર દોષ ઢોળવાનું અને નિરર્થક વાદવિવાદમાં કાલક્ષેપ કરવાનું છોડી દેજો. કાર્યક્ષેત્રને કલહક્ષેત્ર ન બનાવશો. ચાલો, આપણે સંયુક્ત પરિશ્રમ અને સંયુક્ત પુરુષાર્થથી એક એવી સંગઠનશક્તિ પેદા કરીએ જે શકિતને માટે કશું જ અશક્ય ના હોય

લેખના અંતે મુ. પંડ્યાશેઠની પ્રાર્થનાના સૂરમાં મારો સૂર મેળવી વિરમીશ -'' નાગર જ્ઞાતિના ઉન્નત ભવિષ્યની ખોજ યુવાન પેઢી પર છે, અને ખલિલ જિબ્રાનના શબ્દોમાં - યૌવન એ જીવનની પાંખ છે અને અવસ્થા આંખ છે. પાંખ અને આંખ ભેગાં મળી નાગર જ્ઞાતિનો ઉત્કર્ષ સાધવા પ્રયત્ન કરે એવી મારી શ્રી હાટકેશને પ્રાર્થના છે.

**- મૈત્રેયી યાજ્ઞિક**

## સોનાને કાટ ન લાગે

આપણો જન્મ કઈ યોનિમાં થશે, ક્યા દેશમાં થશે, કઈ જ્ઞાતિમાં થશે અને ક્યા કુટુંબમાં થશે તે આપણા પૂર્વજન્મોનું કર્મફળ તેમજ ઈશ્વરનું અકળ અને અટપટું સમીકરણ નક્કી કરે છે. ત્યાર બાદ જન્મ પછી માણવા મળતી કે ભોગવતી પડતી પરિસ્થિતિ અમુક અંશે પૂર્વનિર્ધારિત હોય છે, છતાં તે બદલવી, સુધારવી કે પછી બગાડવી તે જરા તરા સંજોગો પર અને ખાસ તો આપણા પ્રયાસો પર અવલંબે છે.

આ પૂર્વભૂમિકાને અનુલક્ષી મારા વૈયક્તિક અનુભવો વિશે - સ્વ. રામભાઈ બક્ષી સાથેના અનુભવો વિશે થોડીક જાણકારી.

માતાપિતા હયાત હોવા છતાં ત્રણ મહિનાની વયથી નાના-નાની, સ્વ. કંચનબેન અને સ્વ. રામભાઈ બક્ષીએ મારો ઉછેર કરવાનું નક્કી કર્યું. આનું કારણ જાણવાની મેં પરવા નથી કરી. કદાચ, પ્રભુનો કોઈ સંકેત હશે કે પછી ઋણાનુબંધ. આ ઉપરાંત તે સમયે રામભાઈસરની ઇસ્કોલ તરીકે જાણીતી પોદાર સ્કૂલ, જેમાં રામભાઈ સ્થાપક પ્રિન્સિપાલ હતા તેમાં શિક્ષણ લેવાની તક મળી.

પોદાર સ્કૂલમાં ભણેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ રામભાઈની વિદ્વત્તા, પ્રશાસકીય ક્ષમતા, સાદાઈ અને શિસ્તપ્રિયતા વિશે જાણતા હોય તે સહજ છે. હવે જોઈએ તેમના વ્યક્તિત્વના આ પાસા ઉપરાંત બીજાં પાસાંની થોડીક ઝલક.

રામભાઈને નાસ્તિક ગણી શકાય, પરન્તુ નિરીશ્વરવાદી નહિ. ક્રિયાકાન્ડમાં તેમને શ્રદ્ધા નહોતી. એક સાંભળેલો પ્રસંગ. રામભાઈનું પ્રથમ સંતાન હતું પુત્ર, જે મૃત જન્મ્યો હતો. બીજું સંતાન પણ પુત્ર, જે જન્મ પછી થોડી જ મિનિટોમાં મૃત્યુ પામ્યો. ત્યારબાદ બે પુત્રીઓ. રામભાઈનાં માતૃશ્રીએ કહ્યું, ઈચ્છાપૂર્તિ માટે ભીડભંજનમાં (જામનગરના પ્રખ્યાત મંદિરમાં) ઘંટ બંધાવવાથી માનતા ફળે છે. રામભાઈને ઘરે દીકરો આવશે તો હું પણ એક ઘંટ બંધાવીશ. તરત જ રામભાઈએ કહ્યુ ''નાની બેન, મારે ઘરે દીકરો આવશે તો હું બધા ઘંટ છોડી આવીશ'' સાન્તાક્રુઝમાં આવેલા લક્ષ્મી નારાયણ મંદિરમાં વર્ષમાં માત્ર એક દિવસ, બળેવને દિવસે યજ્ઞોપવિત બદલવાના સામૂહિક કાર્યક્રમમાં તે જતા. એ સિવાય મંદિર કે દેવદર્શનમાં તેમને રસ નહોતો. તેમ છતાં નૈતિક મૂલ્યો, પરોપકાર, દયા ઉપરાંત બીજાંને મદદ કરવાનું ઔદાર્ય અને

તાત્પર્ય જોઈ કહી શકાય કે રિચ્યુઅલ્સમાં માનતા ન હોવા છતાં એ સ્પિરિચ્યુઅલ હતા.

આનું એક ઉદાહરણ, પોતાની આવકનો આઠમો ભાગ બચતનો નહિ-બીજાંને મદદ કરવા વાપરવાનો તેમને નિયમ હતો. ગરીબ વિદ્યાર્થીઓ, પટાવાળા કે કોઈ પણ જ્ઞાતિની જરૂરતમંદ વ્યક્તિને તે મદદ કરતા. મારાં નાની યાદ કરાવતાં, આ બુધવારે બક્ષીકાકાની તિથિ (રામભાઈના પિતાની મૃત્યુતિથિ) આવે છે. હું મંદિરે સીધું આપી આવીશ. આ વિચાર પસંદ ન હોવા છતાં એ માન્ય કરી રામભાઈ ઉમેરતા, મંદિરમાં તો ઘણા લોકો સીધું આપે છે. આપવું હોય તો આપો. આપણે પાંચ ગરીબ વિદ્યાર્થીઓને લાડુ જમાડી, કપડાંની એક - એક જોડ અને દક્ષિણા આપી વિદાય કરવામાં આવે. આ હતી શ્રાદ્ધ કે તર્પણ કરવાની તેમની રીત.

રામભાઈના મશ્કરા સ્વભાવનો પરિચય પણ ઘણાંને થયો હશે. હસવાની, હસી નાખવાની કે પોતા પર હસી લેવાની તેમને ટેવ હતી. કમરના દુઃખાવા માટે તેમને ડોકટરે પટ્ટો પહેરવાનું કહ્યું. જ્યારે કોઈ પૂછે, કેમ છો રામભાઈ ? જવાબમાં તે કહેતાઃ અધોગતિ, અધોગતિ, હું પ્રિન્સિપાલમાંથી પટાવાળો બની ગયો છું!

મારાં નાનીમા હીંચકે બેસીને ગાતાં હોય - ગોકુળમાં ખેલ ખેલી આવ્યા, હો કાન કયાં રમી આવ્યા....! તેમને ગાતાં છોડી રામભાઈ પ્રતિ ગીત-પેરોડી ગાવા માંડે, પીળું પીતાંબર કયાં મૂકી આવ્યા, પાટલૂન કોની ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા.

ઘરમાં આવરોજાવરો સારો રહેતો. માફીનાં ફોર્મ પર સહી કરાવવી, કોલેજમાં પ્રવેશ મેળવવા માટે કે નોકરી માટે ભલામણ ચિઠ્ઠી લેવા, કૌટુંબિક સમસ્યાનું નિવારણ કે સમાધાન કરવા તેમ જ આર્થિક મદદ માટે લોકો ગમે ત્યારે આવી શકતા. આમાંનાં કેટલાંકને માટે ચા, શરબત, નાસ્તો કે જમવાની વરદી પણ નાનીમાને મળે. શિક્ષણ માટે, પરીક્ષા આપવા માટે, નોકરી કરવા કે શોધવા માટે, માંદગીના ઈલાજ માટે કે જસ્ટ વેકેશન માણવા માટે નજીકનાં જ નહિ, દૂરનાં સગાં કે તેમના પણ સગાં નિઃસંકોચપણે આવતાં અને રહેતાં. આ ઉપરાંત સાહિત્યકારોની તેમ જ રસશાસ્ત્રમાં પીએચ.ડી. કરનાર વિદ્વાન વિદ્યાર્થીઓની નિયમીત આવરજવર હોવાથી વાતાવરણ સમૃદ્ધ છતાં હળવું રહેતું. વિવેચન માટે ઘણાં પુસ્તકો આવતાં.

આ બધાંની મારા પર શું અસર થઈ તેને વિશે થોડુંક. નાના-નાનીની ઉદાર, તેમ જ પ્રગતિશીલ વિચારસરણીને લીધે મને વિવિધ પ્રવૃત્તિઓ માણવાની તક મળી. અભ્યાસેતર વાચન, લેખન, રમતગમત, સંગીત, નૃત્ય, ગરબા, કોરીઓગ્રાફી, નાટક, મેંદી, રંગોળી, ભરત ગૂંથણ ટૂંકમાં અભ્યાસ સિવાયની બધી જ પ્રવૃત્તિમાં મને રસ હતો. અભ્યાસ માટે ઓછામાં ઓછો-સમય ફાળવવા છતાં શાળાની પરીક્ષાઓથી માંડી એમ.ડી. સુધીની પરીક્ષામાં વર્ગમાં પ્રથમ આવી શકવા માટે અભ્યાસ કરવાના દબાણની ગેરહાજરી જવાબદાર હશે તેવું હું માનું છું. આનો અર્થ એવો નથી કે તેઓ મારામાં રસ નહોતાં લેતાં. રંગોળી કરવામાં, મેંદીનાં પાન વાટવામાં, અગાશીમાં ક્યારી બનાવી તેમાં મેથીની ભાજી કે કોથમીર ઉગાડવા માટે, દાદરા પાસેના ઝાડ પરથી જાંબુ તોડવામાં,

હાર્મોનિયમ પર ગીત બેસાડવામાં કે બીજી કોઈ પ્રયોગાત્મક પ્રવૃત્તિમાં પોતાના વ્યસ્ત સમયપત્રકમાંથી રામભાઈ મારે માટે સમય ફાળવી શકતા. નાની-જેને હું મા કહીને સંબોધતી તે તો મારે માટે ગમે તે કરી છૂટવા તત્પર રહેતાં.

રામભાઈની જીવનશૈલી શુદ્ધ હોવા છતાં શુષ્ક નહોતી. તેમની અનેક પ્રવૃત્તિઓમાં ઋષિપત્ની જેવાં કંચનબેનનો સતત સહકાર મળતો રહ્યો. અમુક અંશે પ્રત્યક્ષ અને વધુ તો સહવાસના પાશને લીધે, પ્રચ્છન્ન રીતે મળેલી આ અનુકરણીય તાલીમે મને કોઈપણ પરિસ્થિતિનો કે કટોકટીનો તટસ્થપણે, હસતે મુખે સામનો કરી શકવાની ક્ષમતા બક્ષી. સાથે જ મારી લાંબી કારકિર્દી દરમ્યાન તેમજ કૌટુંબિક અને સામાજિક જીવનમાં આવેલા લાલચના લપસણા ઢાળ પર લપસ્યા વગર હું સ્થિરતાથી ઊભી રહી શકી.

બીજી એક બાબત. સાદાઈ ઉપરાંત શિસ્ત અને સિદ્ધાંતપાલનમાં દૃઢ રહેવું; પ્રામાણિકપણે પારદર્શિતા રાખવી – અણીશુદ્ધ રહેવાનો આગ્રહ રાખવો, તેમ છતાં કોઈની અણીને ટાણે બટકવાનો છોછ ન રાખવો એ હતી કિંમતી શીખ.

લગભગ બાવીસ-ત્રેવીસ વર્ષના સહવાસ પછી અને ત્યારબાદ દૂરથી પણ રામભાઈને જોતી, તેમને વિશે વિચારતાં એક જ નિષ્કર્ષ – સોનાને કાટ ન લાગે.

– ડૉ. પ્રજ્ઞા પૈ
૧૩૫, પ્રભુ નિવાસ
ઈન્દુલાલ ભુવા માર્ગ,
વડાલા, મુંબઈ – ૪૦૦ ૦૩૧
(વય – ૭૨ વર્ષ)

## શ્રીમતી એટલે....

નાગર પ્રતિભાઓની મુત્સદ્દીગીરી – હાજરજવાબીના ઘણા પ્રસંગોથી આપણે સહુ પરિચિત છીએ. આવો એક પ્રસંગ નીચે વર્ણવેલ છે.

શ્રી જયસુખલાલ હાથી, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને પંજાબના ગવર્નરે લંડન ખાતે ભવન્સ સંસ્થાના યુ.કે. સેન્ટરમાં માઉન્ટબેટન હોલના ઉદ્‌ઘાટન પ્રસંગે ૧૫.૯.૮૧ ના રોજ તેમના ચેરમેન તરીકેના સ્વાગત પ્રવચનમાં બ્રિટનનાં વડા પ્રધાન સ્વ. મિસિસ માર્ગરેટ થેચરને શ્રીમતી માર્ગારેટ તરીકે સંબોધન કર્યુ ત્યારે બધા સ્તબ્ધ થઈ ગયા. તેમણે જે અર્થ સમજાવ્યો અક્ષરશઃ નીચે પ્રમાણે છે :

‘‘હું જયારે તમને શ્રીમતી તરીકે સંબોધન કરું છું ત્યારે એક જ શબ્દમાં આવતી શુભેચ્છા પાઠવું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે ‘શ્રીમતી’ શબ્દનો જે ભાવાર્થ છે તે ભાવાર્થમાં તમને આશીર્વાદ પ્રાપ્ત થાય. ‘શ્રીમતી’જી નો અર્થ થાય છે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક તંદુરસ્તીથી સમૃદ્ધ, સંપત્તિમાં સમૃદ્ધ, ચારિત્ર્યમાં સમૃદ્ધ અને નૈતિક મૂલ્યોમાં સમૃદ્ધ. આ છે ‘શ્રીમતી’ શબ્દનું મૂલ્યાંકન.

તેમના પ્રવચનથી પ્રભાવિત થઈ મિસિસ થેચરે જવાબમાં જણાવ્યું કે, સ્વાગતના તમારા પ્રશંસનીય શબ્દોથી મને સન્માન અધિકાર અને શ્રીમતીની પદવી આપવા બદલ મિસ્ટર હાથી આપનો ખૂબ ખૂબ આભાર. ‘શ્રીમતી’ શબ્દના અર્થની તમે સમજણ આપી ત્યાં સુધી મને એ શબ્દની અગત્યતા નહોતી સમજાઈ. તંદુરસ્ત તો હું છું જ, જ્ઞાન માટે પ્રયત્નશીલ છું. ચારિત્ર્ય પર મારા દુશ્મનો પણ આંગળી ચીંધી શકે તેમ નથી. સંપત્તિ હજી એકઠી કરવાની બાકી છે. નૈતિક મૂલ્યો એ જ તો જીવનનું સત્ય છે જેને માટે ભવન્સ એક ઉત્તમ ઉદાહરણ છે.

પ્રવચન અંગ્રેજીમાં હતું જે તેમની આત્મકથામાંથી લીધેલ છે, આ અનુવાદ છે.

– જયંત વિ. હાથી

## વિચારોને વહેવા હો....
## એક વિચાર.... એક વિશ્વ અનેરું...

વિચારની કૂંપળ ફૂટી એનો વિકાસ થયો. નવી ક્રાંતિ સર્જાઈ, આપણે સહુએ વિજ્ઞાન, સમાજ અને નિજી ક્ષેત્રે આ વાત અનુભવી જ હશે. પણ આ ત્યારે જ શક્ય બને જ્યારે વિચારની અભિવ્યક્તિ થાય અને વિચારોની અભિવ્યક્તિ માટે શબ્દ જેવું સબળ માધ્યમ બીજું કંઇ હોઈ શકે ખરું ? માટે જ કવિશ્રી મનોજ ખંડેરિયાએ કહ્યું છે ને કે,

'શબ્દે શબ્દે ઝળહળીએ તો, એવું લાગે જીવીએ છીએ.'

આપણે નાગરોને તો જીન્સમાં જ બુદ્ધિ, તર્ક અને ભાષાનું પ્રભુત્વ મળ્યું છે. આજે પણ સાહિત્ય અને કળાના ક્ષેત્રે આપણે છવાયેલાં છીએ. પણ... બધાંને જ આ માટે જરૂરી પ્રોત્સાહન અને તક મળતી નથી હોતી. આપણામાંના ઘણાંને ઘણું જ વ્યક્ત કરવું હશે, પણ યોગ્ય તક અને પ્રોત્સાહન નથી મળતાં, તો આવો ચાલીએ શબ્દોની સંગે અને પછી તો... ક્યાંક કશું પકડાતું આવે, ક્યાંક છૂટતું જાય.

નાગર મંજૂષાને મૂર્તરૂપ આપવા આ વિચાર કેન્દ્રસ્થાને છે. આપણી લાગણી - વિચારો કે વાતને રજૂ કરવા કંઈ અનુભવી કે પ્રખ્યાત હોવું જરૂરી નથી. એને માટે જરૂર છે કલમ-કાગળ અને થોડા શબ્દોની. શ્રી પ્રેમશંકર ભટ્ટે કહ્યું જ છેને....

'નાના છોડે મહેંકી ઊઠે
કેવો ગુલાબ ગોટો !
ઊંચાં ઊંચાં ઝાડે તમને
જડશે એનો જોટો?'

તો આવો ઊઘડતા જઈએ... મહેકતા
જઈએ... કલમને સથવારે

– દીના વચ્છરાજાની

## ''સિદ્ધાંતનો પેંડો''

ચમન અને ખની બન્નેની જાત તો વાઘરીની પરન્તુ તેમનામાં અન્ય વાઘરીઓ જેવા કોઈ ગુણ નહોતા એટલેજ તે અમારા બંગલાની પાછળની દીવાલને અડીને પોતાનું ઝુંપડુ બાંધી રહેતાં હતાં. પરન્તુ બંગલામાં કોઈને તેનો વાંધો ન હતો. ખની તે બંગલામાં કામ કરતી હતી. સામન્ય રીતે આ જાતિના લોકોનાં બૈરાં કામ કરતા હોય અને પતિઓ મોટા-ભાગે દારૂ ઢીંચી બૈરાં ઉપર દાદાગીરી કરતાં હોય કાં તો હાથમાં બીડીનું ઠું ઠું લઈ એકાદ કશ મારતા હોય અને ગપાટા મારતા હોય.... જેને ઘેર બૈરાં કામ કરતાં હોય તે બધાનાં ઘરોની વધઘટ લાવી રાતના જમવામા ખાતાં હોય... ગાળો ભાંડતા હોય....

ચમન અને ખની વાઘરી તો હતાં પણ ક્યારેય તેમના મોઢે ગાળો સાંભળી નથી. ચમન લારી લઇ શાક વેચવા જાય અને ખની લોકોના ઘરનાં કામ કરે પણ ક્યારેય વધઘટ ઘેર લાવી જમતાં નહી... તે જાણતી હતી કે ચમનને નહી ગમે.... વળી સાંજે લારી ફેરવી પાછે આવે ત્યારે જે શાક વધ્યું હોય તેની સાથે ખની ચાર રોટલા ટીપી નાખે અને બન્ને જણા સાથે જમવા બેસે તેમને એક દીકરો-વહુ પણ હતાં... તેમનાં બે નાનકડાં ભૂલકાં પણ હતા. બન્ને બાળકો નાના તે લોકો ચમન-ખની સાથે નહોતાં રહેતાં. બીજા ગામ દીકરો નોકરી કરતો... ઉંમર તો ખાસ નહી પણ નાની ઊંમરે લગ્ન થઈ ગયાં ને સંતાનો પણ થઈ ગયાં. ક્યારેક બન્ને બળકોને લઈ તેઓ દાદા-દાદી પાસે આવતાં.

આજે પણ ગામથી આવી સ્ટેશને ઊતર્યો...રિક્ષા કરી થોડે આગળ જતાં રિક્ષાને અકસ્માત નડયો. બન્નેએ બાળકોને બરાબર પકડી રાખેલાં આથી તેમને ઈજા નહોતી થઈ પણ માતા-પિતા ખૂબ ઘાયલ થઈ ગયાં હતાં. સમાચાર ચમન - ખનીને પહોંચાડવામાં આવ્યાં. બન્ને હોસ્પિટલ આવે ત્યાં તો માતા-પિતાનું પ્રાણપંખેરું ઊડી ગયું. રોતાં કકળતાં બે અનાથ બાળકોને લઈ ચમન - ખની ઘેર આવ્યા, બાળકોને સ્વસ્થ

થતાં તેમના મનમાં માતા-પિતા ગુમાવ્યાની વાત કાઢી જેમ તેમ કરી સમજાવવાની કોશિશ કરી. ધીમે ધીમે બાળકો પણ દાદાને ઘરે રહેવા નેવાઇ ગયા. ઉંમર નાની હતી એટલે જલ્દી વળી ગયા... મહેનત કરી કેટલા રોટલા ખાવા ટેવાયેલા ચમન - ખની એ બાળકોને પણ પોતાના સિદ્ધાંત મુજબ ઉછેરવાની કોશિશ કરવા લાગ્યા. નસીબની દોર જે બે ડગલાં આગળ હોવાથી નાનકડી માંદગીમાં ખની પણ આ દુનિયા છોડી ચાલી ગઈ. ચમનને માથે બન્ને બાળકોને ઉછેરવાની જવાબદારી આવી ગઈ.

ચમન સવારના વડા-પાંઉ બાળકોને આપી શાક લારીમાં ગોઠવી, વેચવા નીકળી જતો. સાંજે પાછા આવી હંમેશની જેમ વધેલા શાકમાંથી શાક-રોટલા બનાવતો. બાળકોને ખાવા આપતો. ખાતાં ખાતાં તે ખાતરી કરી લેતો બાળકો કયાંય જઈ વધઘટ તો નથી ખાઈ આવતાંને ? કયાંય જઇને માગી તો નથી આવતાંને ? ચમન બાળકોને સારા સિદ્ધાંતો થી સંસ્કારિત કરતો - બાળકો નાનાં હતાં છતાં દાદાની જે કાંઇ કમાણી શાક વેચીને થતી તેમા મેવા-મીષ્ટાન ખાવા તો ના મળે પણ છતાં ક્યારેક બટેટાવડા તો ક્યારેક ઇદડા.. આવું કંઇક લાવવાની કોશિશ કરતો. એકાદ-બે નંગ આવે તો તે ત્રણે જણા વહેંચી ખાતા. ચમન ઘરમાં ચણા મમરા-બિસ્કીટ પાંઉ આવું રાખતો. બાળકોને ભૂખ લાગે ત્યારે ડબ્બો ખોલી ખાઈ લે.

આજે પાછળના બંગલામાં પ્રસંગ હતો. ચમન ને બાળકો સાથે આવવાનુ આમંત્રણ હતું. વર્ષો સુધી ખની ત્યાં કામ કરતી રહી હતી એ નાતે તેમને ચમન ને બાળકો સાથે બોલાવ્યા હતા. ચમન પણ બાળકોની સાથે ત્યાં ગયો હતા. અંદર બેઠેલાં મહેમાનો સામે આંખ મિલાવવાની તો તેની હિંમત ન હતી. એટલે અન્ય નોકરો ને ડ્રાઇવર બેઠા હતા ત્યાં જઇ બેઠો. બધાના નાસ્તા પાણી થઇ ગયાં ત્યારે તેણે જઇને પૂછયું : 'શેઠ સાહેબ હું કાંઇ મદદ કરું?'

'ચમન બધાની ડિશ લઇ એક તરફ રાખી લે.' ઘરના અન્ય નોકરો પણ કાંઇને કાંઇ કામમાં વ્યસ્ત હતાં. નોકરો એક ખૂણામાં બેઠાં બેઠાં જોતા હતાં. નોકરોએ બાળકોને પણ નાસ્તાની ડીશ ભરી આપી. એક સમોસું-વેફર-ચેવડો અને બિસ્કીટ તેમની ડિશમાંથી પેંડો ગાયબ હતો. કદાચ નોકર મૂકવાનું ભૂલી ગયા હશે. પણ બાળકો નાનાં કેમ પૂછે ? વળી દાદાના આપેલા સંસ્કાર પણ ખરા.. છતાં ઉંમર તો કાચી... નાના બાળુડા જ ને ! મનમાં તો ઘણુ મન હતું પણ માંગે કેમ કરીને ? થોડી વારે નાસ્તો પતાવી બાળકો ઘેર ગયા. પાછળ પાછળ ચમન પણ આવતો હતો. તેણે નાસ્તો ના કર્યો. ડિશ લઇ ઘરે આવ્યો. જેવો અંદર દાખલ થતો હતો ત્યાં તેને બે બાળકોની વાતો સંભળાઈ. તેના પગ દરવાજાની બહાર જ અટકી ગયા...

'ભાઈ તને એક વસ્તુ બતાવું ?'

'શું... શું બતાવે છે'

'તું ગુસ્સો તો નહી કરેને ..?'

'ના, બોલને શું વાત છે ?'

ખીસામાંથી કાગળનું પડીકું કાઢયું અને ધીરે રહીને ખોલ્યું - કાગળના ટુકડામાં તૂટેલો ખાધેલો પેંડો હતો. ભાઈ પણ ક્ષણભર જોઈ રહ્યોને તેણે પણ ખીસામાંથી પડીકું કાઢયું ને તેવો જ થોડો ખાધેલો પેંડો કાઢ્યો. બન્ને એકબીજા સામે જોતા રહી ગયા. ક્ષણભર બન્ને ચૂપ રહ્યાં ચમનના પગ બહાર જ થંભી ગયા. ''તેં કેમ લીધું? મેં તોં મારી ડિશમાં પેંડો નહોતો એટલે લીધો... તેં ?''

''મારી ડિશમાં પણ ન હતો. એટલે મેં પણ બાજુમાં ડ્રાઈવર અંકલની ડિશમાંથી લઇ લીધા. તેઓ વાતોમાં હતાં એટલે ખબર ન પડી. મેં પણ બાજુમાં ડિશોનો ઢગલો પડેલો તેમાંથી ઉઠાવી લીધો.''

ચમનના મનમાં ક્રોધ અને દુઃખ બન્ને થયા પણ 'શું કરું ? તે વિચારે ત્યાં તો વળી બાળકોનો અવાજ સંભળાયો,

'ભાઈ દાદાને ખબર પડશે તો તે ખૂબ ગુસ્સો કરશે.'

'હા ભાઈ તેમને દુઃખ પણ થશે. આપણે ખોટું કર્યું ને '

' હા પણ પેંડો ખાઈ જઇએ તો... ?'

'હા ચાલ ખાઇ જઇએ'

પરન્તુ તેમનો હાથ મોઢા સુધી ના પડોંચ્યોં 'ના ના ભાઈ નથી ખાવો. દાદા આપણને કેટલો પ્રેમ કરે છે ? તે આપણા માટે કેટલી મહેનત કરે છે. ચાલ ફેંકી દઇ એ. હા ભાઈ'...

આમ કહી બન્ને ભાઈઓએ બારી બહાર કાગળનું પડીકું કેંકી દીધું. ચમનની આંખમાં ખુશીનાં અશ્રુ આવી ગયાં. આખરે તેની શીખ-સંસ્કાર કામ લાગ્યાં, તે અંદર આવ્યો-તેના હાથમા નાસ્તાની ડિશ જોઈ બન્ને ખોલી ઊઠ્યા 'દાદા તમે નાસ્તો ના કર્યો?'

'ના તમારે માટે લાવ્યો છું ?' ડિશ ઉપર ડિશ ઢાંકેલી હતી તેને નીચે મૂકી ધીરે રહીને ઉપરની ડિશ ખોલી ત્યાંતો બન્ને બાળકો આતુરતાથી જોવા લાગ્યા. અંદર પેંડો હતો બન્ને જોરથી બોલી ઊઠયા, પેંડો .. દાદા પેંડો..'

બન્ને ખુશ થઈ ગયા. ચમને બન્નેને પોતાના હાથે પેંડો ખવડાવ્યો ને વ્હાલથી ગળે વળગાડયા

- નેહા ડી. આચાર્ય

## ક્યાંક ભૂલો પડ્યો છું

આજ પણ તેં ચીંધેલી ડગરમાં જ છું, કે પછી ક્યાંક ભૂલો પડ્યો છું ?
સાવ સાચી દિશાની સફરમાં જ છું, કે પછી ક્યાંક ભૂલો પડ્યો છું ?

શબ્દ નિઃશબ્દ છે, સૂર બેસૂર છે, કાવ્યની લ્હાણ પણ ક્યાં લૂંટાતી ?
મેં વસાવ્યું હતું એ નગરમાં જ છું, કે પછી ક્યાંક ભૂલો પડ્યો છું?

આજ અહીં ભોમ પર, કાલ ત્યાં ટોચ પર, ને પરમ રોજ કૈં સાવ અધ્ધર,
સાપસીડી સમો ચડ ઉતરમાં જ છું, કે પછી ક્યાંક ભૂલો પડ્યો છું ?

મોકળે મને ફરું છું હવે મુક્ત છું, તે છતાં ઘર સુધી ના જવાતું,
શું ખરેખર હજી કેદ ઘરમાંજ છું, કે પછી ક્યાંક ભૂલો પડ્યો છું ?

ખૂબ માફક મળી છે જગા છેવટે, જિંદગી ગડમથલમાં વીતાવી,
તેં મને ફાળવેલી કબરમાં જ છું, કે પછી ક્યાંક ભૂલો પડ્યો છું ?

- શ્રી. પ્રફુલ્લ નાણાવટી

## દ્વાર પણ નથી

આકાશને દીવાલ નથી, દ્વાર પણ નથી !
પણ પહોંચવાને પાંખ કે પગથાર પણ નથી.

એકાદ તણખલું મળે તો હું તરી જઈશ,
બાકી તરાપો શોધવા વિચાર પણ નથી.

આ તો હવાઈ માર્ગ છે, પગપાળા ક્યાં જશો ?
મારે ચરણ સિવાય કો' આધાર પણ નથી.

વહેતાં ઝરણાંની જેમ વહે જાય જિંદગી,
જીવી રહ્યા' ને જીવવાનો ભાર પણ નથી.

પગલાં સૂરજના માર્ગ પર માંડો તમે 'પ્રફુલ્લ',
ફૂલો ભલે ન હોય, તો ત્યાં ખાર પણ નથી.

- શ્રી. પ્રફુલ્લ નાણાવટી

## સ્વપ્ન

ઝવેરી બજારના ભરચક રસ્તે માની આંગળી પકડી ચાલતી રીની અચાનક ઊભી રહી ગઈ અને માનો હાથ ખેંચી બોલી ઊઠી ''મા! મને આ હાર જોઈએ છે.'' રીનીની ચીંધેલ આંગળીની દિશામાં નજર કરતાં ઝગમગ-ઝગમગ ચમકતા સાચા હીરાના હારની જેમજ એકક્ષણ માટે માની આંખો ચમકી, પણ બીજી જ ક્ષણે એ હસી પડી અને રીનીને ઊંચકી છાતીએ લગાડતાં બોલી, ''બેટા તું મોટી થઈશને ત્યારે તારો રાજકુમાર આવો જ સુંદર હીરાનો હાર તારે માટે લઈને તને પરણવા આવશે.'' સાથે રહેલા બાપુ બોલ્યા, ''બેટા, તું ખૂબ ખૂબ ભણજે અને પછી પોતે જ કમાઈને આવો સુંદર હાર તારે માટે અને મા માટે ખરીદજે.'' નાની ભોળી રીની તરત જ માની ગઈ.

પણ પછી મનને ખૂણે વસેલો એ હાર રીનીના સ્વપ્નમાં અવાર-નવાર ઝળકી જતો.

વર્ષો વીતતાં ચાલ્યાં. એ હાર-એ સ્વપ્ન સઘળું ભૂલાતું ગયું. તેજસ્વી રીની અનેક વિદ્યામાં પારંગત થતી-થતી કૉલેજનો ઉંબરો ઓળંગી એક મોટી બૅન્કમાં નોકરીએ પણ લાગી ગઈ. એવામાં જ એને માટે એક ખૂબ જ સુખી, ખાનદાન ઘરમાંથી માગું આવ્યું, હા ! એમની એક શર્ત હતી કે ઘરની વહુ નોકરી નહીં કરે અને સર્વએ એ વધાવી લીધું. લગ્નની આગલી રાત્રે આખા દિવસની દોડધામને અંતે થાકથી ચૂર રીનીની આંખો નિંદ્રાથી બીડાઈ... અને આ શું? એક સુંદર રાજકુમાર ઘોડા પર તબડક-તબડક કરતો આવી રહ્યો છે અને ... આ... એના હાથમાં શું ચમકે છે ? અરે ! આ તો સાચા હીરાનો બચપણમાં જોયેલ પેલો જ હાર... રીનીની આંખો ખૂલી ગઈ. એને લાગ્યું નક્કી કાલે સાસરેથી જે ભેટ મળશે એમાં આવો હીરાનો હાર જરૂર હશે. પણ રે નસીબ ! ખૂબ પૈસાપાત્ર હોવા છતાં એ લોકો હીરામાં પૈસા નાખવામાં માનતા જ નહોતા - એટલે અઢળક ભેટમાં આવો હાર નહોતો મળ્યો.

રીની સાસરિયામાં સુખી હતી. એનાં ગરીબ મા-બાપુ પણ હવે વૃદ્ધ થયાં હતાં. એકલાં હતાં એટલે રીનીને ખૂબ ઈચ્છા થતી કે એમને જાત્રા કરાવે એમને દુનિયાનાં બધા સુખ આપે. એમની સર્વ ઈચ્છા પૂરી કરે, પણ સસરા અને પતિ પાસે એ બહુ માગણી ન કરી શકતી. ખેર ! જિંદગી, જિવાતી ગઈ.

રીનીનો એકનો એક દીકરો પણ હવે પરણવાલાયક થઈ પોતાની મનપસંદ પત્ની લઈ આવ્યો. દીકરાની ખુશીમાં જ પોતાની ખુશી સમજી રીની અને એના પતિએ પણ વહુને દીકરીની જેમ જ અપનાવી લીધી. વહુ મિષ્ટી સ્વભાવે પણ મધુર હતી એટલે સમય ભરપૂર આનંદમાં વીતવા લાગ્યો. થોડા સમય પછી મિષ્ટી કંઈ પણ પ્રવૃત્તિ વગર કંટાળવા લાગી એ પણ રીનીની જેમ એનાં મા-બાપનું એકનું એક સંતાન હતી એટલે એમની ચિતાંથી પણ એ વ્યગ્ર રહેતી. આખરે એણે નિર્ણય કર્યો કે ઘરની પરંપરા તોડીને પણ એ નોકરી કરશે, એને એક કૉલેજમાં લેક્ચરરની જોબ મળી પણ ગઈ. ખલ્લાસ ! ઘરમાં ધરતીકંપ થઈ ગયો. સર્વની સાથે રીનીને પણ એવું જ લાગ્યું કે મિષ્ટિએ ઘરમાં રહી ઘરની જવાબદારીઓ ઉઠાવી લેવી જોઈએ અને સાસુ-વહુ વચ્ચે પણ ગજગ્રાહ શરૂ થઈ ગયો. આખરે... જોબ શરુ કરવાનો હતો એની આગલી રાત્રે ઘરની શાંતી માટે મિષ્ટીએ નિર્ણય કર્યો કે એ જોબ નહીં કરે. બધા સાથે રીનીને પણ ખુશી થઈ અને શાંત મને એ ઘસઘસાટ ઊંઘી ગઈ. અને... ઓહ! આ ચારે બાજુ આટલો ઝગમગાટ શાનો ? અરે ! અરે ! આ તો એને પ્રિય એવા હીરાનો હાર ! એ પણ અસંખ્ય અને રીનીની નિંદ્રા તૂટી ગઈ. વળતી સવારે મિષ્ટી થોડી મોડી ઊઠી અને બધા માટે ચા-નાસ્તો બનાવવા હાંફળી ફાંફળી રસોડામાં આવી - ટેબલ પર ગરમ ગરમ ચા-નાસ્તો અને નાસ્તાની ડીશો ગોઠવેલી જોઈ ત્યાં જ અટકી ગઈ. એટલામાં રીનીએ મિષ્ટીને બાથમાં લઈ પ્રેમથી કહ્યું.

'બેટા, ચાલ જલદી જલદી નાસ્તો કરી લઈએ, નહીં તો તું મોડી થઈ જઈશ, આજે તો તારા જોબનો પહેલો દિવસ છે ને, તે જ ક્ષણે મિષ્ટી રીનીનાં ચરણોમાં ઝૂકી પડી અને રીનીના મુખમાંથી સહજ આશીર્વચન નીકળ્યાં. 'બેટા, તારાં સર્વ સ્વપ્ન પૂરાં થાઓ.'

**- દીના વચ્છરાજાની**

## વિપાશા : એક અનોખી જીંદગી

એની એક કવિતા છે :

'પાતાળમાં જીવ,
આકાશમાં જીવ,
મરી મરી જીવ,
જેમ ફાવે તેમ જીવ,
પણ જીવ.
ચૂસી ચૂસી જીવ.'

....જીવન માટેની આવી લગનીના સાવ ટાંચા સાધનથી જેણે આખા શરીરને જકડી લેતા જન્મજાત સર્વાંગી પેરેલિસિસને જીવનભર લડત આપી છે, એનું નામ વિપાશા. નામનો અર્થ:'પાશ' એટલે કે બંધનમાંથી છોડાવનારી, વિ-પાશા. જન્મ ૧૯૭૧ માં. બ્લૂમિન્ગટન, ઇન્ડિઆનામાં. જન્મજાત સેરેબ્રલ પાલ્સી, પેરેલિસિસ. ૧૯૭૨-૭૩ નું વર્ષ પૅરિસમાં, ત્યાં જ થેરપીની શુરૂઆત. માતા, અંજની, સાથે બે બસ અને એક મેટ્રોમાં, અજાણ્યા શહેરમાં, રોજ ત્રણ કલાક મુસાફરી કરી, 'આંફાં મલાદ' ('માંદાં બાળકો') હોસ્પિટલમાં થેરપી લેવા જાય. ૧૯૭૩ થી ૧૯૯૪ મુંબઇમાં. ફીઝીયોથેરપી, સ્પીચ થેરપી, સ્પેશિયલ સ્કૂલ, હાથની મદદ વગર ચોપડીનાં પાનાં ફેરવવાં કે ટાઇપ કરવું : જે જોઇએ તે જાતે મહેનત કરીને શીખવાનું, મેળવવાનું, કુદરત કશી ભેટ ન આપે. એણે માગી યે નહીં. મા-બાપે પણ કોઇની મહેરબાની ન માગી, દોરા-ધાગા-મંતર-તંતર-સંત-સાંઇ-પેગમ્બર-પરમેશ્વરની. પરિશ્રમ એ જ પરમેશ્વર. ચિલ્ડ્રન્સ ઓર્થોપીડિક હોસ્પિટલ અને સ્પસ્ટિક સોસાયટી ઓફ ઇન્ડિયા - એનાં અદ્‌ભુત થેરપિસ્ટો, ટીચર્સ, ડૉક્ટર્સ. એસ.એસ.સી - એચ.એસ.સી. માં ડિસ્ટિક્નશન સાથે પ્રથમ વર્ગ. પછી સેન્ટ ઝેવિયર્સ કોલેજ, મીઠીબાઇ કોલેજ, મુંબઇ, અને એમ.એસ.યુનિવર્સિટી, વડોદરામાં અભ્યાસ કર્યો ને આનંદ કર્યો. - એમ.એ. (ફિલોસોફી) - માં પ્રથમવર્ગ - પ્રથમસ્થાન મેળવ્યું. અને પછી પી.એચ.ડી. ... ભારતમાં પહેલી વાર જન્મજાત પૅરેલિસિસ સાથે, અકહ્યાગરા શરીરને મહેનતકશ-નિશ્ચયશક્તિ વાળા દિમાગ વડે પડકારીને આપબળે ડોક્ટરેટની ડીગ્રી વિપાશાએ મેળવી. પી.એચ.ડી. નો વિષય કેવો ? 'કન્સેપ્ટ ઓફ સેલ્ફ' - જાતની ઓળખ કેવી રીતે પામવી ? જાતે મેળવવી, બલ્કે જાતે ઘડવી ! એ માટે એણે ઘણું વાંચ્યું-વિચાર્યું : પ્લેટોથી સાત્ર, માર્લો-પોન્તાથી કાર્લ માર્ક્સ સુધી. અને છેલ્લે સવાલ ઊઠાવ્યોકે જો વ્યક્તિ ફીઝીકલી ચેલેન્જડ / હેન્ડિકેપ્ડ' ('અપંગ' શબ્દ કેવો અપૂરતો અને અસુંદર છે; અને ડૉ. વિપાશા કેવી છે - જુઓ સાથેનો ફોટોગ્રાફ) હોય તો એ પોતાની 'સેલ્ફ'-ને કઇ રીતે સમજે અને સરજે ? જાણે એ સવાલના જવાબમાં વિપાશા ૨૦૦૩ થી લોસ એન્જેલસમાં પોતાના અપાર્ટમેન્ટમાં, સ્વતંત્ર જીવન જીવે છે. અને લખે છે: 'પાતાળમાં જીવ, આકાશમાં જીવ, પણ જીવ!' 'સેરેબ્રલ પાલ્સી વાળી છોકરી' એવી માત્ર ઓળખ એની થઇ શકી હોત. વિપાશાએ પોતાની અલગ આઇડેન્ટીટી ઊભી, જાતે કરી, ભારે મહેનતથી, બુધ્ધી-સાહસથી-નિશ્ચયથી ઘડી.

અને વિપાશાએ પોતાની એ આજીવન કશ્મકશને, એની એગનીને અને એક્સ્ટસીને પોતાની કવિતામાં વ્યક્ત કરી. 'ઉપટેલા રંગોથી રીસાયેલી ભીંતો' (રાષ્ટ્રીય સાહિત્ય અકાદેમી,

દિલ્લી, પ્રકાશિત) અને 'ટાપૂઓ પર કૂદડી' (વિકલ્પ પ્રકાશન, મુમ્બઈ) એ એના કાવ્યસંગ્રહો છે.

અમેરિકાનિવાસ પછી વિપાશાએ અંગ્રેજી ભાષામાં આપકથા લખી છે; 'ડા ઝાઈન' (એટલે કે 'અહીં હોવું', હાઈડેગર નામના જર્મન ફિલસૂફે કોઈન કરેલો એ શબ્દ 'જીવન'-ના અર્થમાં છે.) વિપાશા એ માટે સારા પ્રકાશકની શોધમાં છે. કાવ્યસંગ્રહ માટે ગુજરાતી સાહિત્ય પરિષદનો ઉત્તમ પ્રથમ પુસ્તક માટેનો પુરસ્કાર એને મળ્યો હતો.

કવિતામાં હો કે જીવનમાં, વિપશાની મૂળ વાત કશ્મકશની, લડતની, અણનમતાની છે. કદાચ એટલે જ 'કોશીશ' કરનાર મહાન દિગ્દર્શક-કવિ ગુલઝારજીને વિપાશાની કવિતા એટલી ગમે છે કે એમણે એનો અનુવાદ પણ કર્યો છે. એમાંનો એક આ છે.

जिस्म ने उसको किराये पर लिया था
बदकिस्मती से कुछ ज्यादा चाओ आया था उसे
इस लिये—
जिस्म ने पीटा बहुत, मारा बहुत !
काम लेकिन, फिर भी जारी है !

- गुलजार

... વિષાદને વિનોદમાં પલટી નાખી વીરતાથી અને મોજથી જીવાતાં જાતને શીખવાડતી આ કવિ-માનવી તો એટલું જ કહેવાની કે 'મરી મરીને જીવ, પણ જીવ' ! - આસાન નથી, પણ તું કહે છે તો ચાલ અજમાવી જોઈએ, વિપાશા....

## લોકશાહી અને ટૂંકી દ્રષ્ટિવાળા નેતાઓની 'ચશ્મે-શાહી'

ખરા ઉનાળે ટાલકું તોડી નાખે એવો તડકો પડે ત્યારે ધંધો કરવાની આવડત હોય તો ખરો તડાકો પડે, સૌરાષ્ટ્ર મેલમાં મુંબઈથી રાજકોટ જતી વખતે વિરમગામ વટાવ્યા પાછી એક ફેરિયાનો અવાજ કાને પડ્યો 'લ્યો ભાઈ વીસ રૂપિયામાં દેખવુંચ નહીં ને દાઝવું ચ નહીં... દેખવુંચ નહી ને દાઝવું ચ નહીં... ઝટ કરો ઝટ કરો સુરેન્દ્રનગર ઉતરી જઈશ પછી કહેતા નહીં...'

ફેરિયો દૂર હતો એટલે શું વેંચે છે એ ખબર નહોતી પડતી, પણ પેસેન્જરો વીસ વીસ રૂપિયા આપી કંઈક ખરીદતા હતા એ વાત નક્કી. મારા કમ્પાર્ટમેન્ટ પાસે આવી એ ફરી ઊંચા અવાજે બોલ્યો 'લ્યો ભાઈ દેખવુંચ નહીં ને દાઝવુંચ નહીં'... મેં તરત પૂછ્યું 'એલા શું વેંચે છે?' ફેરિયો કહે 'સાહેબ વીસ રૂપિયાના ગોગલ છે... ભરઉનાળે રસ્તે નીકળશોને ત્યારે જો પાસે આ ગોગલ નહીં હોયને તો મને યાદ કરશો... એના કરતાં અત્યારે જ લઈ લો...

મેં વળી પૂછ્યું કે 'તું આ કહેવત કેમ બોલે છે ? દેખવુંચ નહીં ને દાઝવુંચ નહીં?' ગોગલ્સનું બોક્સ હેઠું મૂકી શ્વાસ ખાઈને બોલ્યોઃ જુઓ સાહેબ ધંધો કરવો તો પ્રામાણિકતાથી કરવો. ગ્રાહકને છેતરવાના નહીં. હવે આ વીસ રૂપૈડીના પ્લાસ્ટીકના ઘેરા રંગના ગોગલમાંથી સરખું દેખાય નહીં, પણ હા એટલું ખરું તડકો સીધો આંખમાં ન આવે એટલે દઝાય નહીં. ગોગલ્સ વેંચતી વખતે એટલે જ પહેલેથી ઓખવટ કરું છું કે લ્યો ભાઈ ગોગલ... દેખવુંચ નહીં ને દેખવુંચ નહીં ને દાખવુંચ નહીં...' ખરેખર આ ચશ્મેરીની સેલ્સમેનાશિષ જોઈને મારે નહોતા લેવા છતાં વીસ રૂપિયા આપીને ગોગલ્સ લઈ લીધા.

ગોગલ્સ અને ચશ્માને જ વિષય નિકળ્યો છે ત્યારે આ મજેદાર કિસ્સો ફરી ટાંકવાની ઈચ્છા રોકી નથી શક્તો. સૌરાષ્ટ્ર મેલનો જે ફેરિયો હતો એનો ઈરાદો નેક હતે કે ગ્રાહકને છેતરવા નહીં. બીજી બાજુ ગોવામાં ટુરિસ્ટોને અને ખાસ કરીને અભણ કે ગામડિયા લાગે એને ફંદામાં ફસાવતા ફેરિયા (કે ડફેરિયા) જોવા મળ્યા. સમર હોલીડે પેકેજમાં ગોવા જવાનું થયું. કોંકણ રેલવેની ટ્રેનમાં મુંબઈથી ગોવા પહોંચી ટ્રેનમાંથી ઊતર્યો ત્યારે બાજુના ડબામાંથી ગુજરાતના આદિવાસી વિસ્તારના જુવાનિયા વરણાગી વેશમાં ઉતર્યા. પંચમહાલ બાજુથી આવ્યા હશે એવું એમની બોલચાલ પરથી લાગ્યું. બધા ટુરિસ્ટો બસમાં બેસવા જતા હતા ત્યાં તો ચાર-પાંચ ઉસ્તાદ ફેરિયા પ્લાસ્ટિકના ગોગલ્સ વેંચવા આવી પહોંચ્યા. ગોવાના બીચ ઉપર પણ તમને હેન્ડીક્રાફ્ટ અને આભલા ભરતનાં વસ્ત્રો કે પછી અસલ દેશી આભૂષણો વેંચનારામાં ઝાલાવાડ કે સૌરાષ્ટ્ર બાજુના ફેરિયા ભટકાઈ જાય તો નવાઈ નહીં.

ગોગલ્સ વેચવા આવેલા ચાર-પાંચ ઉસ્તાદો પણ ગુજરાતી જ લાગ્યા. એમની ચબરાક નજરે પારખી લીધું કે આદિવાસી જુવાનિયાને ઝાઝી ગતાગમ લાગતી નથી. એટલે લ્યો બસોમાં જાદુઈ ચશ્માં... જાદુઈ ચશ્માં.. એવી મોટેથી રાડારાડ કરી ટુરિસ્ટ બસ પાસે પહોંચી ગયા. એક-બે જુવાનિયાએ કુતૂહલવશ પુછ્યૂં કે 'આ જાદુઈ ચશ્માંમાં શું દેખાય ?' એક ફેરિયાએ ધીરેકથી કહ્યું જો કોઈને કહેતા નહીં, પણ આ ચશ્માં ગોવાના બીચ પર જઈને પહેરશોને તો ત્યાં સ્ત્રી-પુરુષો સાવ નહિવત કપડામાં અથવા તો કપડાં વગર રેતીમાં સૂતેલાં કે ફરતાં દેખાશે. પણ આ જાદુઈ ચશ્માં બીચના હવામાનને અનુરૂપ બનાવ્યા છે. એટલે બીચ ઉપર પહેરશો તો જ એમાંથી 'વસ્ત્રહરણ' નાં દ્રશ્યોની મજા માણી શકશો. બોલો કેટલા આપું મેજિક ગોગલ્સ ?

આદિવાસી જુવાનિયાઓએ તો ફટાફટ બસો બસો રૂપિયા કાઢી જાદુઈ ચશ્માં ખરીદી લીધા અને બસ રવાના થઈ કાલનગુર બીચ તરફ. હું પણ ફેરિયાઓ અને આ જુવાનિયાઓ વચ્ચે થયેલી સોદાબાજુની સાક્ષી હતો. યોગાનુયોગ મારે પણ કાલનગુટ પાસેના બીટ રિસોર્ટમાં જવાનું હતું. એટલું હું પણ બસની પાછળ પાછળ ટુ-વ્હીલર ટેક્સી (ગોવામાં સ્કૂટર કે બાઈક ભાડે મળે અને ચલાવતાં ન આવડે એને પાછળ બેસાડી મૂકી પણ જાય) માં. કાલનગુટ પહોંચ્યો.

જુવાનિયાઓ જાદુઈ ચશ્માંની કરામત જોવા માટે ઉતાવળે ઉતાવળે બસમાંથી બીચ પર ઊતર્યા. ફટાફટ બધાએ ચશ્માં ચડાવી લીંધા અને જરા શરમાતાં શરમાતાં બીચ પર નજર ફેરવવા લાગ્યા અને એક જણ મોટેથી બોલ્યો 'પેલી તરફ જુઓ પેલી ગોરી સાવ એમનેમ રેતીમાં પડી છે... જમણી તરફ ત્રણ -ત્રણ પરદેશી બૈરાં સાવ ટૂંકી  ચડ્ડી અને ચોળી પહેરીને ફરે છે.. આ.. હા.. હા.. કમાલ છે આ જાદુઈ ચશ્માં.'

બાકીના જુવાનિયા પણ એકબીજાને તાલી દઈદઈને બીચનો ઓપન એર શો જોવા માંડયા, મેં એમની નજીક જઈને પૂછ્યું 'શું જુઓ છો ?' એક જુવાને જરા ગભરાઈને કહ્યું કે અમે તો આ જાદુઈ ચશ્માંનું ટેસ્ટિંગ કરીએ છીએ. બસો બસો રૂપિયા આપીને પેલો ફેરિયો બનાવટ નથી કરી ગયોને એનું ટેસ્ટિંગ કરીએ છીએ. ફેરિયાએ કહ્યું હતું કે જાદુઈ ચશ્માંથી બીચ પર ફરતા લોકો કપડાં વગરના અથવા ઓછાં કપડામાં દેખાશે. લ્યો તમેય ટ્રા કરો.

આ સાંભળીને મેં બધાયન કહ્યું કે 'તમે એકસાથે ચશ્માં ઉતારીને બીચ તરફ જુઓ. શું દેખાય છે?' બધાએ ચશ્માં ઉતારીને જેવી બીચ તરફ નજર કરી ત્યારે તેમની રાડ ફાટી ગઈ ઓ... ભગવાન.. આ તો જાદુઈ ચશ્માં વગર પણ

બધા ઓછાં કપડામાં દેખાય છે... અલ્યા આપણે તો છેતરાયા'... આ આદિવાસીઓને ક્યાંથી ખબર હોય કે આજના જમાનામાં જે છેતરે છે એ જ તરે-છે... 'છે' આગળ પાછળ થાય છે-તરે-છે...

હું ઘરમાં કાયમ ચશ્માંની ત્રણ જોડ રાખું છું. એક દૂરનું જોવાના, એક નજીકનું જોવાના અને ત્રિજા ચશ્માં આ બન્ને ચશ્માં જોવાઈ જાય તો પહેરીને ગોતવાના. અમારા પથુકાકાને તો કાયમ ચશ્માંની રામાયણ ચાલુ જ હોય. એની પાસે પણ મારી જેમ દૂરના અને નજીકના બે ચશ્માં છે.

છતાં માથાકૂટ ચાલુ જ હોય. કાકા કહે કે 'ઘરમાં કોઈ સારો પ્રસંગ આવે એટલે આ તારી કાકી ધરાર નજીકના ચશ્માં સંતાડી દે છે અને દૂરના ચશ્માં જ પહેરાવે છે.' મેં પુછ્યું 'કાકી કેમ તમને સારા પ્રસંગે નજીકના ચશ્માંને બદલે દૂરનું દેખાય એવાં ચશ્માં પહેરાવે છે?' કાકાએ ચશ્માં લૂછતાં જવાબ આપ્યો કે તારી કાકી છેને એ પાક્કી અમદાવાદી છે. સારા પ્રસંગે નજીકના સગા દેખાય નહીં અને આમંત્રણ ન આપી બેસું એટલે પ્રસંગ ન પતે ત્યાં સુધી ધરાર મને દૂરના જ ચશ્માં પહેરાવી રાખે છે બોલો !'

ફિલ્મોના શોખીન કાકાને મેં કહ્યું કે 'આપણે તો ચશ્માંની માંડ બે-ત્રણ જોડી રાખી શકીએ. પણ અમિતાભ બચ્ચન પાસે તો નહીં નહીં તોયે ૧૦૦ થી વધુ ચશ્માંની જોડી હશે તમને ખબર છે?' કાકા છણકો કરીને બોલ્યા 'એ તો ભાઈ અમિતાભ બચ્ચન છે, બેટો અભિષેક સરખી એક્ટિંગ કરતો ન દેખાય ત્યાં સુધી ચશ્માં બદલ્યાં જ કરેને ?'

મેં કહ્યું કાકા દીકરાને આગળ વધતો જોવાની ક્યા બાપાની તમન્ના ન હોય ? આ ગામના ઉતાર જેવાં રાજકારણીઓ જ્યાં ભેગા થયા છે એ ઉત્તર પ્રદેશમાં અમિતાભ બચ્ચનના દોસ્ત મુલાયમસિંહ યાદવે પણ બેટા અખિલેશને જ આગળ કર્યોને ?' કાકા નાકનું ટીચવું ચડાવીને બોલ્યા 'એટલે જ મુલાયમસિંહ યાદવ જે કાળા ચશ્માં પહેરીને નીકળે છે એને સન (એસયુએન) ગ્લાસ નહીં પણ સન (એસઓએન) ગ્લાસ જ કહે છેને ? એ ચશ્માંમાથી એમને પોતાના સન (દીકરો) સિવાય બીજું ક્યાં કંઈ દેખાય છે? '

કાકને વળી ઉત્તર પ્રદેશની યાત્રાનો કિસ્સો યાદ આવ્યો. એમણે કહ્યું કે 'થોડા દિવસ પહેલાં યુપીના પ્રવાસે ગયો હતો. પણ તું માનીશ?' આપણે જેમ ગોગલ્સ પહેરીને તડકામાં નીકળીએ એમ યુપીમાં નવી સરકાર આવ્યા પછી ગાય-ભેંસોમાંય ગોગલ્સની ફેશન આવી ગઈ છે.' મે નવાઈ પામી પૂછ્યું 'ઢોરમાં વળી ગોગલ્સની ફેશન આવે એ તો માન્યામાં નથી આવતું. ગાય-ભેંસને વળી ગોગલ્સ કેમ પહેરાવે છે?' કાકાએ જવાબ આપ્યો કે 'મેં પણ એક તબેલામાં જાઈને ત્યાંના ડોરકીપરને પુછ્યું કે ગાય-ભેસીંને કેમ ગોગલ્સ પહેરાવ્યો છે ?

એક ભેંસના ચશ્મા ઉતારી મને દેખાજીને બોલ્યો કે આ જુઓ અમે બધાં ઢોરને લીલા કાચના ગોગલ્સ જ પહેરાવીએ છીએ. કારણ લીલો ચારો મળતો નથી. એટલે જે સુક્કો ચારો નીરીએ એ ગોગલ્સમાંથી ઢોરને લીલો જ દેખાય એટલે લીલો ચારો સમજીને ટેસથી બાધા કરે. લીલા કાચની કેવી લીલા?'

મેં કહ્યું કાકા 'આ દેશના રાજકારણીઓ ઢોરની જેમ આપણી સાથે પણ આવી જ ચાલાકી કરે છેને? વાયદા કરીકરીને અને વચનો આપાઆપીને આપણી આંખો સામે કેવું રૂપાળું ચિત્ર દેખાડે છે? આપણેય મૂઢ ઢોરની જેમ નેતાઓએ પહેરાવેલા ચશ્માંના કાચમાંથી રૂપાળું ચિત્ર જોઈને હરખાઈએ છીએ, નરી આંખે જોવાની કોશીશ કરીએ તો જ સાચું ચિત્ર નજરે પડેને?'

કાકા બોલ્યા 'ભાઈ આને જ લોકશાહી નહીં પણ ચશ્મે-શાહી કહેવાય. અને વાયદાના સોદા કરતા રહેતા આપણા નેતાઓ જે વચનો આપે એને કસમે-વાદેને બદલે શું કહેવાય ખબર છે? ચશ્મે-વાદે'..

ચશ્માનું એવું છે કે નાનપણમાં એવું મન થાય કે ચશ્માના નંબપ આવે તો કેવી મજા ? ચશ્માં પહેરીને ફરવાનું. પણ પછી જ્યારે ચશ્માં આવી જાય અને કાયમ પહેરવા પડે ત્યારે કંટાળો આવવા માંડે. આજે તો ચશ્માં ન પહેરવા પડે એટલે લોકો પૈસા ખર્ચીને આંખનું ઓપરેશન કરાવે છે કે પછી કોન્ટેક્ટ લેન્સ બેસાડે છે. પરંતુ વર્ષો પહેલાં સૌરાષ્ટ્રના એક લોકમેળામાં ગયો હતો ત્યારની વાત યાદ આવે છે. મને નાનપણથી જ ચશ્માં હતા.

મેળામાં એક રંગીન પડદાવાળા તંબુ પર મોટા અક્ષરે લખ્યું હતું 'ફક્ત દસ રૂપિયામાં ચશમાં ઉતારી દેશું.' હું તો બાબુકાકાની આંગળી પકડીને ગયો અંદર. એક જણ કાળા કોટમાં ડૉક્ટરની અદાથી બેઠો હતો. પહેલાં એણે દસ રૂપિયા લીધા. પછી બેટરીથી આંખો તપાસવાનો ડોળ કર્યો. પછી ચશ્માં ઉતારીને મારા ગજવામાં મૂકી બોલ્યો 'બસ જાવ હવે, ચશ્માં ઉતારી દીધાને? પછી શું કામ ઊભા છો?' કેવા મૂરખ બન્યા ? એ દિવસ અને આજની ઘડી, મેં પછી ક્યારેય ચશ્માં ઉતારવાનો પ્રયત્ન નથી કર્યો.

દેશભરની ચશ્માંની દુકાનોમાં ચશ્માં સપ્લાય કરતા એક ચશ્માં ઉત્પાદકને મેં પુછ્યૂં કે 'દિલ્હીમાં તો મોટા મોટા નેતાઓ આપણાં ચશ્માં પહેરે છે તમને ખબર નથી? મેં પુછ્યૂં આ રાજકારણીએ માટે તમે કોઈ ખાસ પ્રકારના ચશ્માં બનાવો છો?' ચશ્માં ઉત્પાદક કહ્યું કે 'છેલ્લાં ત્રણ-ચાર દાયકાનો મારો અનુભવ છે કે મોટા ભાગના નેતાઓ નજીકનું જોવા માટેના ચશ્માંનો ઓર્ડર વધુ આપે છે.' મેં સવાલ કર્યો એનું શું કારણ? ઉત્પાદકે હસીને જવાબ આપ્યો 'આઝાદી પછી આપણને ટૂંકી દ્રષ્ટિવાળા જ નેતાઓ મળ્યા છેને? દૂરનું ચોખ્ખું દેખાય કે ન દેખાય એની ક્યાં પરવા છે?'

દિલ્હીમાં લાલ કિલ્લો ભલે એક જ છે, પણ સત્તાના દલાલોએ ઊભો કરેલો સમાંતર દ-લાલ કિલ્લો પણ જોવા જેવો છે. ઉદ્યોગપતિઓ, મોટા બિઝનેસમેન અને કોર્પોરેટ હાઉસને નેતાઓ સાથે સંપર્ક કરાવી દેતા આ દલાલો માટે ક્યો કોડવર્ડ વપરાય છે જાણો છો? કોન્યેકલેન્સ. જે વચેટિપાઓ અને સત્તાના ગલિયારામાં ફરતા દલાલો મોટા મોટા નેતાઓને કોન્ટેક્ટ કરાવે એને માટે 'કોન્ટેક્ટ-લેન્સ કેવો બંધબેસતો કોડવર્ડ છે?'

ક્યાં ગાધીંના ચશ્માં અને ક્યા સોનિયા ગાંધીના ચશ્મા? ગાંધીબાપુ ગોળ ચશ્માંથી કેટલું દૂરનું જોઈ શકતા? અને સોનિયા ગાંધી બાયફોકલ (કે બાઈ ફોકલ) ચશ્મા પહેરે છે છતાં દૂરનું ક્યા જોઈ શકે છે? રાહુલબાબા અને એવા બીજા નજીકના છે એની ઉપર જ નજર રાખે છેને? ચશ્માંનો પણ સોનિયાજીના પિયર ઈટલી સાથે કેવો સંબંધ છે ? ઈ. સ. ૧૨૮૪ માં ઈટલીના સાલ્વીનો દ 'અર્માતીએ પહેલાવહેલા ચશ્માં બનાવ્યા હતા એવું ક્યાંક બાંચ્યું હતુ. ત્યારે ચશ્માં આય-ગ્લાસિસ કહેવાતા. સોનિયાજી કોંગ્રેસ-આઈનાં વડા બન્યા પછી 'આઈ-ગ્લાસિસ' પહેરતાં થઈ ગયાં છે.

ગાંધીજીએ નાગપુર પાસે વર્ધામા સ્થાપેલો સેવાગ્રામ આશ્રમ ખરેખર સેવાપ્રવૃત્તિનું અનોખું ગ્રામ એટલે સેવાગ્રામ. આજે તો કેવાં સેવકો ફૂટી નિકળ્યા છે જુઓ છોને? આ સેવકો ગ્રામમા સેવાને તોળતા થઈ ગયા છે. એટલે એક ગ્રામ સેવા કરીને સો ગ્રામ વળતર પડાવે છે. ગાંધીજીએ સ્થાપ્યો સેવાગ્રામ આશ્રમ અને અત્યારના સેવકો ચલાવે છે ગ્રામ-સેવા આ-શરમ.

# શરદોત્સવ રાસ – ગરબા










# શરદોત્સવ રાસ - ગરબા



નિર્ણાયક ગણ
શ્રીમતી અર્ચિતા મહેતા, શ્રી સપન દેસાઈ



વિજેતાઓ



વિજેતાઓ



કલાકારોનું બહુમાન



કલાકારોનું બહુમાન



કલાકારોનું બહુમાન



શરદોત્સવ ભોજન સમારંભ



ઓડિયન્સ

Printed By : Rajat Arts : 9820011288